# ભારતીય ટ્રસ્ટ ધારો,૧૮૮૨

પ્રસ્તાવના:-

વિલિયમ ધ કોન્કરે ઇંગ્લિશ ટાપુઓ પર જીત મેળવ્યા બાદ તેના પર પોતાની સત્તા સ્થાપી અને જાહેર કર્યું કે જ્યાં તેનો કાયદો લાગુ પડશે ત્યાં સ્થાનિક પ્રજાના રીત-રિવાજો પણ ધ્યાનમાં લેવામાં આવશે. આ સમયે ઇંગ્લિશ કોમન લૉ નું અસ્તિત્વ ન હતું, પરંતુ નવા કાયદામાં સ્થાનિક લોકોના રીત-રિવાજો સમાવિષ્ટ થવાથી તે મિશ્રણ સમય જતાં કોમન લૉ સ્વરૂપે સ્થિર થયું. છેક 14મી સદીથી 1830 સુધી ઇંગ્લેન્ડમાં એવી સ્થિતિ હતી કે વાદીનું કારણ (Cause) અમુક ચોક્કસ ચોકઠામાં (Writ) બંધબેસતું થતું હોય, તો જ તેનો કેસ હાથ પર લેવામાં આવતો. આ સમય એંગ્લો સેકસન સમય ગણવામાં આવે છે. ત્યારબાદ નોર્મન સમયમાં અમીરશાહીએ પોતાનાં

હિતોની રખેવાળી અર્થે તેમાં અનેક નવી રીતો દાખલ કરતાં કેટલીક ગૂંચવણો પ્રવેશ પામી. અંતે રાજાએ આ વિવિધ પદ્ધતિઓનો અંત આણ્યો અને પરિણામે વિલિયમ 1થી એડવર્ડ 1 સુધીના સમયમાં ઇંગ્લિશ કોમન લૉ નો ઉદય થયો.

પરંતુ કોમન લૉ ના અમલમાં મૂળભૂત રીતે કેટલીક ક્ષતિઓ હતી. કોમન લૉ અદાલતો કરાર ભંગના બનાવમાં માત્ર વળતરનો હુકમ કરી શકતી. નિર્દિષ્ટ પાલન (Specific Performance) નો હુકમ કરવાની સત્તા તેની પાસે ન હતી. ઉપરાંત કોમન લૉ અદાલતોની કાર્યપદ્ધતિ અપૂર્ણ અને અસંતોષકારક હતી. આ સ્થિતિના નિવારણ અર્થે બ્રિટિશ સંસદે Statute of Westminster 1285 પસાર કર્યો. તેનાં પરિણામે ચાન્સેલરને થોડી નવી Writs મંજૂર કરવાની સત્તા પ્રાપ્ત થઈ. આમ છતાં આ નવા કાયદાથી પણ સ્થિતિમાં ખાસ પરિવર્તન થયું નહીં. તેમાં ન્યાયાધીશોન જડ વલણ અને બંધિયાર માનસને પણ જવાબદાર માનવામાં આવે છે.

ટ્રસ્ટનો ઉદ્ભવ અને વિકાસ (Origin and Development of Trust)

આપણે આગળ જોયું કે 1474ના અરસામાં ઇંગ્લેન્ડ રાજા અને તેની કાઉન્સિલથી અલગ પ્રસ્તિત્વ ધરાવતી સમન્યાય (Equity) અદાલતનો ઉદય થયો અને ટ્રસ્ટનો ખ્યાલ સમન્યાયની સૌથી મોટી સિદ્ધિ છે. કોઈ એક વ્યક્તિ પોતાની મિલકત બીજી વ્યક્તિને ત્રીજી વ્યક્તિના લાભાર્થે ધારણ કરવા માટે આપે, ત્યારે ટ્રસ્ટ રચાય છે. સમન્યાયના કાયદામાં આ સ્વીકૃત વ્યવસ્થા હતી. ટ્રસ્ટ વિકાસ ઇતિહાસને બે તબક્કામાં વહેંચી શકાય.

1. Statute of Uses पूर्वेनो समय अने

2. ते पछीनो समय.

પ્રથમ તબક્કો - Statue of Uses પૂર્વેનો સમય:

તેરમા સૈકા દરમ્યાન ધર્મનો પ્રભાવ એવો હતો કે ધર્મનાં નામે અથવા ધાર્મિક કારણોસર સાધુઓને જમીન આપવામાં આવતી, પરંતુ ધર્મનાં નિયમો સાધુઓને જમીન ધારણ કરતા અટકાવતા. એટલે કે સાધુઓને જમીન ધારણ કરવાની મનાઈ હતી. વળી કોમન લૉ ના નિયમ પ્રમાણે તો ધાર્મિક સંસ્થાઓ અને મઠોને જમીન દાનમાં આપવા પર પ્રતિબંધ હતો. કોમન લૉના આ પ્રતિબંધને નાબૂદ કરવા માટે Use શબ્દનો ઉપયોગ શરૂ થયો. એટલે કે ધર્મનાં કારણસર અથવા મઠને જમીનના ઉપયોગ માટે ત્રીજી વ્યક્તિને જમીન ધારણ કરવા માટે આપવાની પ્રથાનો ઉદ્ભવ થયો.

ટ્રસ્ટની વ્યાખ્યાઓ (Definitions of trust)

વિવિધ ન્યાયવિદો (jurists) એ ટ્રસ્ટની જુદાં જુદાં દ્રષ્ટિકોણથી વ્યાખ્યા આપી છે. તેમાંની કેટલીક વ્યાખ્યાઓ આપણે જોઈએ.

હલ્સબરી: “તેના આધુનિક અને મર્યાદિત અર્થમાં ટ્રસ્ટ એટલે કોઈ વ્યક્તિમાં કોઈ મિલકત સંબંધમાં મૂકાયેલ વિશ્વાસ, કે જે મિલકતનો તે વ્યક્તિ પાસે કાં તો કબજો હોય, અથવા જેના પર તે અધિકાર ભોગવી શકે તેમ હોય અને તે કોઈ વ્યક્તિ અથવા હેતુના લાભ માટે મિલકત ધારણ કરે છે."

મેઇટલેન્ડ : જ્યારે કોઈ વ્યક્તિ પાસે અધિકારો હોય, કે જે અન્ય વ્યક્તિ વતી અથવા કોઈ હેતુની પરિપૂર્તિ માટે વાપરવા બંધાયેલ હોય, ત્યારે તેને તે વ્યક્તિ માટે કે તે હેતુ માટે ટ્રસ્ટમાં અધિકારો છે તેમ કહેવાય અને તેને ટ્રસ્ટી કહેવામાં આવે છે.

ટ્રસ્ટની રચના(કલમ ૬ થી ૧૦):-

કલમ 4 – ટ્રસ્ટ કઈ રીતે બનાવવો (Creation of Trust)

ટ્રસ્ટ રચવા માટે નીચેના ત્રણ મુખ્ય તત્ત્વો હોવા જરૂરી છે:

1. નિયત ધારણા (Intention) – ટ્રસ્ટ સ્થાપનાર (Settlor) એ સ્પષ્ટ રિતે બતાવવું જોઈએ કે તે ટ્રસ્ટ બનાવવાની ઈચ્છા રાખે છે.

2. વિશિષ્ટ મુદ્દો **(Definite Subject Matter)** – ટ્રસ્ટ માટે કઈ મિલ્કત/સંપત્તિ આપી રહી છે તે સ્પષ્ટ હોવી જોઈએ.

3. નામિત લાભાર્થી **(Definite Beneficiary)** – ટ્રસ્ટનો લાભ કોણ લેશે તે નિર્ધારિત હોવું જોઈએ.

ઉદાહરણ: જો કોઈ વ્યક્તિ પોતાના ઘરના ભવિષ્યના લાભ માટે ટ્રસ્ટ બનાવે છે અને તેના માટે કોઇ પ્રતિનિધિને ટ્રસ્ટી બનાવે છે તો તે કલમ 4 હેઠળ માન્ય છે.

---

કલમ 5 – ટ્રસ્ટ કેવી મિલ્કત પર બની શકે **(Trust of Immovable and Movable Property)**

- ખસતી **(movable)** તેમજ અખસતી **(immovable)** મિલ્કત બંને માટે ટ્રસ્ટ બનાવી શકાય છે.
- જો ટ્રસ્ટ અખસતી મિલ્કત માટે હોય અને તે એક લેખિત દસ્તાવેજ દ્વારા હોય તો તેને રજીસ્ટર કરાવવો ફરજિયાત છે.

---

કલમ 6 – ટ્રસ્ટ માટે કઈ રીતે ઘોષણા કરવી **(Creation of Trust by Non-Testamentary Instrument)**

- જો કોઈ જીવત્કાળ દરમિયાન ટ્રસ્ટ બનાવે છે (મૃત્યુ પછી નહીં), તો તે:
  - લેખિત દસ્તાવેજ દ્વારા હોવું જોઈએ.
  - અને અખસતી મિલ્કત માટે હોય તો તેનું પજવણી દસ્તાવેજ **(registration)** હોવું જરૂરી છે.

---

કલમ 7 – કોણ ટ્રસ્ટ બનાવી શકે **(Who May Create Trust)**

ટ્રસ્ટ તે વ્યક્તિ બનાવી શકે છે કે જેને:

- કાયદેસર રીતે મિલ્કત રાખવાનો હક હોય, અને
- જે વ્યક્તિ કાયદેસર રીતે કરાર **(contract)** કરી શકે છે (અરથાત: ઉંમર પુરતી, બુદ્ધિશાળી અને પાગલ નહીં હોય).

કલમ 8 – ટ્રસ્ટના ઉદ્દેશ (Purpose of Trust)

ટ્રસ્ટનો ઉદ્દેશ કાયદેસર હોવો જોઈએ. નીચેના પ્રકારના ઉદ્દેશો માન્ય નથી:

- કોઈ ગુનાહિત કાર્ય માટે,
- જાહેર નીતિના વિરુદ્ધ,
- બીજાને નુકસાન પહોંચાડે તેવા,
- અથવા એવું કાર્ય કે જે કોર્ટ દ્વારા અમાન્ય ગણાય.

હિતોપભોગી કોણ બની શકે ? (ક. 9)

* મિલકત ધારણ કરવા સક્ષમ દરેક વ્યક્તિ હિતોપભોગી બની શકે, એટલે કે જેને મિલકતનું હસ્તાંતર કરી શકાય તેવી દરેક વ્યક્તિ હિતોપભોગી (beneficiary) બની શકે. અહીં પણ ભારતીય કરાર ધારી, 1872, 3.5 ના નિયમો લાગુ પડે છે. આ નિયમો આપણે આગળ જોઈ ગયા છીએ.

હિતોપભોગી દ્વારા ઇન્કાર:

કોઈ સૂચિત હિતોપભોગી, ટ્રસ્ટ હેઠળના તેના હિતનો, ટ્રસ્ટીને સંબોધીને જણાવેલા ઇન્કારથી અથવા ટ્રસ્ટની જાણ હોવા છતાં, ટ્રસ્ટ સાથે અસંગત હક્કદાવો રજૂ કરીને, ત્યાગ કરી શકે. અહીં હિતોપભોગી દ્વારા ઇન્કારની બે રીતો બતાવવામાં આવી છે. પ્રથમ તો એ કે હિતોપભોગી ટ્રસ્ટીને સંબોધીને પોતાનાં હિતનો અસ્વીકાર કરી શકે. બીજી રીતે એ કે તેને ટ્રસ્ટની ખબર હોવા છતાં, ટ્રસ્ટ સાથે અસંગત હક્કદાવો (claim) રજૂ કરે. આ આડકતરી રીત છે.

[8] ટ્રસ્ટી કોણ થઈ શકે ? (ક. 10) (Who may become a Trustee)

મિલકત ધારણ કરવા સક્ષમ દરેક વ્યક્તિ ટ્રસ્ટી થઈ શકે, પરંતુ જ્યારે ટ્રસ્ટમાં વિવેકબુદ્ધિ (discreation)નો ઉપયોગ કરવાનો હોય, ત્યારે જો તે કરાર કરવા સક્ષમ ન હોય. તો તેનો અમલ કરી શકે નહીં.

ટ્રસ્ટનો સ્વીકાર કરવા કોઈ વ્યક્તિ બંધાયેલ નથી:

ટ્રસ્ટનો સ્વીકાર કરવાનું કોઈના માટે ફરજિયાત નથી. જે કોઈ વ્યક્તિને કોઈ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે નીમવામાં આવેલ હોય, તે વ્યક્તિ પોતાની નિમણૂકનો સ્વીકાર કરવા બંધાયેલ છે. તેનો સ્વીકાર

કે અસ્વીકાર તેની ઇચ્છા પર આધારિત છે. તેની ઇચ્છા મુજબ સૂચિત ટ્રસ્ટી, ટ્રસ્ટનો સ્વીકાર કે ઇન્કાર કરી શકે.

ટ્રસ્ટના પ્રકારો:-

વિવિધ દ્રષ્ટિકોણથી ટ્રસ્ટના પ્રકારો પાડવામાં આવ્યા છે. દા.ત. **Shell** (1) વ્યક્ત. ગર્ભિત અને રચનાત્મક ટ્રસ્ટ **(Express implied and constructive trust)**, (2) ખાનગી અને જાહેર ટ્રસ્ટ, (3) પૂર્ણ અને અપૂર્ણ અધિબંધન **(perfect and imperfect obligation)**, (4) સાદું અને વિશિષ્ટ ટ્રસ્ટ ઉપરાંત (5) નિષ્પાદિત અને નિષ્પાદનીય ટ્રસ્ટ **(executed and executory trust)** બેવા પ્રકારો પાડે છે.

**Hanbury** ટ્રસ્ટના નીચે મુજબ પ્રકારો પાડે છે : (1) સાદું અને વિશિષ્ટ ટ્રસ્ટ (2) સ્પષ્ટ કે વ્યક્ત અને રચનાત્મક ટ્રસ્ટ (3) ખાનગી અને પરમાર્થી **(chantable)** ટ્રસ્ટ (4) નિષ્પાદિત અને નિષ્પાદનીય ટ્રસ્ટ.

ટ્રસ્ટના હેતુ આધારિત ટ્રસ્ટના પ્રકારો?:-

ખાનગી ટ્રસ્ટ **(Private Trust):**

જ્યારે કોઈ ટ્રસ્ટ કોઈ એક વ્યક્તિના કે ચોક્કસ વ્યક્તિઓના લાભ માટે રચાયેલ હોય, ત્યારે તે ખાનગી ટ્રસ્ટ છે. ખાનગી ટ્રસ્ટમાં નિર્દિષ્ટ વ્યક્તિઓ સિવાય જાહેર જનતાના કોઈ સભ્યને લાભ આપવાનો હેતુ હોતો નથી. દા.ત., અ અને તેનાં બાળકોના લાભ માટે એક ટ્રસ્ટની રચના કરવામાં આવે છે. આ ખાનગી ટ્રસ્ટ છે. દા.ત., અ પોતાનાં કુટુંબના સભ્યો માટે દેવદર્શન અર્થે મંદિર ટ્રસ્ટની રચના કરે છે. આ ખાનગી ટ્રસ્ટ છે.

જાહેર ટ્રસ્ટ **(Public Trust):**

જે ટ્રસ્ટનો હેતુ સમાજના વિશાળ વર્ગને અથવા અચોક્કસ અને અનિશ્ચિત વ્યક્તિઓની સંખ્યાને લાભ આપવાનો હોય, તે જાહેર ટ્રસ્ટ છે. દા.ત.. અમદાવાદ સ્થિત સદ્વિચાર પરિવાર જાહેર ટ્રસ્ટ છે. પાલનપુરસ્થિત બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ જાહેર ટ્રસ્ટ છે. ગોધરાસ્થિત પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ જાહેર ટ્રસ્ટ છે. કારણ કે તેનો હેતુ નાતજાતના કોઈપણ પ્રકારના ભેદભાવ વિના વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડવાનો છે.

ટ્રસ્ટીઓની ફરજો અને જવાબદારીઓ(કલમ ૧૧ થી ૩૦)

ટ્રસ્ટી ટ્રસ્ટનો અમલ કરશે. (ક. 11) **(Trustee shall Execute the Trust)**

ટ્રસ્ટી, ટ્રસ્ટનો હેતુ પાર પાડવા અને જો તમામ હિતોપભોગીઓ કરાર કરવા સક્ષમ હોય, તો તેમની તમામની સંમતિથી કરાયેલ ફેરફાર સિવાય, ટ્રસ્ટકર્તાએ ટ્રસ્ટની રચના સમયે કરેલ સૂચનોનો અમલ કરવા બંધાયેલ છે.

**ટ્રસ્ટી ટ્રસ્ટ મિલકતની સ્થિતિથી વાકેફ થશે. (ક. 12) (Trustee to Inform himself of State of Trust Property)**

ટ્રસ્ટી. શકય તેટલી જલદીથી, ટ્રસ્ટ મિલકતના પ્રકાર અને સંજોગોથી માહિતગાર થવા, જરૂરી હોય ત્યાં ટ્રસ્ટ મિલકતનું પોતાના નામે હસ્તાંતર કરવા, અને અપૂરતી કે જોખમકારક જામીનગીરીઓમાં રોકાયેલ ટ્રસ્ટના નાણાં (ટ્રસ્ટ દસ્તાવેજની જોગવાઈઓને આધીન) વસૂલ કરવા બંધાયેલ છે.

ઉદાહરણો:

(એ) ટ્રસ્ટ મિલકત, અંગત જામીનગીરી પર ધીરવામાં આવેલ અને વણચૂકવાયેલ કરજની બનેલી છે. ટ્રસ્ટ દસ્તાવેજથી ટ્રસ્ટીને, તે કરજને લાંબા સમય સુધી વસૂલ કર્યા સિવાય રાખી મૂકવાની વિવેકબુદ્ધિની કોઈ સત્તા આપવામાં આવેલ નથી. બિનજરૂરી વિલંબ સિવાય, તે કરજ વસૂલ મેળવવાની ટ્રસ્ટીની ફરજ છે.

**ટ્રસ્ટી ટ્રસ્ટ મિલકતના સ્વત્વાધિકારનું રક્ષણ કરશે. (ક. 13) (Trustee to Protect title of the Trust Property)**

ટ્રસ્ટી, એવા તમામ દાવાઓ દાખલ કરવા અને તેનો બચાવ કરવા. અને ટ્રસ્ટ મિલકતના સ્વરૂપ અને જથ્થો અથવા કિંમત ધ્યાનમાં લેતાં. ટ્રસ્ટ મિલકતની જાળવણી અર્થ, અને તે સંબંધિત સ્વત્વાધિકારના રક્ષણ કે તેની રજૂઆત માટે વાજબીપણે જરૂરી હોય તેવા (ટ્રસ્ટ દસ્તાવેજની જોગવાઈઓને આધીન) તમામ પગલાં લેવા બંધાયેલ છે.

ઉદાહરણ:

ટ્રસ્ટ મિલકત સ્થાવર મિલકત છે અને ટ્રસ્ટકર્તાને બિનનોંધાયેલ (Unregistered) દસ્તાવેજથી આપવામાં આવે છે. ભારતીય નોંધણી ધારો, 1877 ની જોગવાઈઓને આધીન, દસ્તાવેજની નોંધણી કરાવવાની ટ્રસ્ટીની ફરજ છે.

**ટ્રસ્ટી પાસેથી અપેક્ષિત દરકાર (ક. 15) (Trustee is Expected to take Care)**

એક સામાન્ય સમજદાર વ્યક્તિ, જો તે મિલકત તેની પોતાની હોય અને તેની સાથે જેવો વ્યવહાર કરે તેવો વ્યવહાર ટ્રસ્ટી, ટ્રસ્ટ મિલકત સંબંધમાં કરવા બંધાયેલ છે અને વિરુદ્ધ કરારના અભાવે, આવી રીતે વ્યવહાર કરતો ટ્રસ્ટી મિલકતને નુકસાન, પાયમાલી કે ખરાબી માટે જવાબદાર નથી.

ઉદાહરણો:

(એ) કલકત્તામાં રહેતો અ મુંબઈમાં રહેતા બ નો ટ્રસ્ટી છે. જેની પ્રતિષ્ઠા બાબતમાં કોઈ શંકા ન હતી તેવી એક વ્યક્તિએ, ટ્રસ્ટી તરીકે બ ના નામે લખેલ અને મુંબઈમાં ચુકવણી પાત્ર વિનમયપત્રોના સ્વરૂપમાં અ ટ્રસ્ટ નાણાં બ ને મોકલે છે. તે વિનિમયપત્રોનો અસ્વીકાર થાય છે. અ નુકસાન ભરી આપવા બંધાયેલ નથી.

ટ્રસ્ટી બગાડ અટકાવશે (ક.18)

જ્યારે ક્રમાનુસાર અનેક વ્યક્તિઓના લાભાર્થે ટ્રસ્ટની રચના કરવામાં આવેલ હોય અને એ પૈકીની કોઈ એક વ્યક્તિ પાસે ટ્રસ્ટ મિલકતનો કબજો હોય, અને જો તે વ્યક્તિ ટ્રસ્ટ મિલકતને વિનાશક કે કાયમી રીતે હાનિકારક કોઈ કૃત્ય કરે અથવા કરવાની ધમકી આપે, ત્યારે ટ્રસ્ટએ આવું કૃત્ય અટકાવવા પગલાં લેવાં બંધાયેલ છે.

કલમ ૨૦( ટ્રસ્ટ નાણાનું રોકાણ):-

જ્યારે ટ્રસ્ટ મિલકત નાણાંની બનેલી હોય અને ટ્રસ્ટના હેતુઓ માટે તાત્કાલિક કે વહેલા ઉપયોગમાં લઈ શકાય તેમ ના હોય ત્યારે ટ્રસ્ટી ટ્રસ્ટ દસ્તાવેજમાં સ્પસ્ટ રીતે અધિકૃત કરાયેલ અથવા કેન્દ્ર સરકારે સત્તાવાર આજ્ઞાપત્રિકામાં નિર્દિસ્ત કરેલ કોઈ ઓન જમીનગીરીમાં રોકાણ કરશે.

કલમ ૨૨( નિર્દિસ્ત સમયમાં વેચવાની સૂચના અપાયેલ ટ્રસ્ટી દ્વારા વેચાણ)

જ્યારે ટ્રસ્ટીને અમુક નિશ્ચિત સમયમાં વેચાણ કરવાની સૂચના આપવામાં આવેલી હોય અને તેમ છતાં ટ્રસ્ટી તેમ ના કરે ત્યારે આવા ટ્રસ્ટીએ તેની અને હિતોપભોગી વચ્ચેની તકરારમાં એ પુરવાર કરવું પડશે કે નિશ્ચિત સમય બાદ કરાયેલ વેચાણથી હિતોપભોગીને કોઈ નુકસાન થયેલ ના હતું .

ટ્રસ્ટભંગ માટેની જવાબદારી(કલમ:૨૩)

જ્યારે ટ્રસ્ટી ટ્રસ્ટભંગ કરે ત્યારે તેના વિશ્વાસ ભંગથી ટ્રસ્ટ મિલકતને થતાં નુકસાન માટે ટ્રસ્ટી જવાબદાર છે.

કલમ ૨૪(ટ્રસ્ટી મજરે માંગી શકે):-

જે ટ્રસ્ટી ટ્રસ્ટ મિલકતના એક ભાગના સબંધમાં ટ્રસ્ટભંગ થી થયેલ નુકસાન માટે જવાબદાર હોય તે તેની જવાબદારી સામે બીજા અને અલગ ટ્રસ્ટ ભંગથી ટ્રસ્ટ મિલકતના અન્ય ભાગને થયેલા લાભને તે મજરે માંગી શકે નહીં.

કલમ ૨૫( પુરોગામીની કસૂર માટે ટ્રસ્ટીની જવાબદારીનો અભાવ)

જ્યાં કોઈ ટ્રસ્ટી બીજા ટ્રસ્ટીના સ્થાને આવે છે, ત્યાં તે તેના પુરોગામીના કાર્યો અથવા ભૂલો માટે જવાબદાર નથી.

કલમ ૨૭( સહટ્રસ્ટીઓ ની પૃથક જવાબદારી)

જ્યારે સહટ્રસ્ટીઓ સંયુક્તપણે ટ્રસ્ટભંગ કરે અથવા જ્યારે તે પૈકીનો એક પોતાની બેદરકારીથી બીજાને ટ્રસ્ટભંગ કરવા સમર્થ બનાવે ત્યારે દરેક ટ્રસ્ટી આવા ભંગથી થયેલ સમગ્ર નુકસાન માટે હિતોપભોગીને જવાબદાર છે.

કલમ ૨૮:(લાભાર્થી દ્વારા ટ્રાન્સફરની સૂચના વિના ટ્રસ્ટી ચૂકવણી કરવાની જવાબદારી નહીં.)

જ્યારે કોઈ લાભાર્થીનું હિત અન્ય વ્યક્તિમાં નિહિત થઈ જાય છે, અને ટ્રસ્ટી, નિહિત થવાની સૂચના વિના, ટ્રસ્ટ-મિલકત તે વ્યક્તિને ચૂકવે છે અથવા પહોંચાડે છે જે આવી નિહિતની ગેરહાજરીમાં તેનો હકદાર હોત, ત્યારે ટ્રસ્ટી આ રીતે ચૂકવવામાં આવેલી અથવા પહોંચાડવામાં આવેલી મિલકત માટે જવાબદાર નથી.

**(ટ્રસ્ટીઓના અધિકારો (Powers of Trustees)**

સ્વત્વાધિકારો દસ્તાવેજ માટે અધિકાર (ક. **31)**

ટ્રસ્ટી, ટ્રસ્ટ દસ્તાવેજો અને ફક્ત ટ્રસ્ટ મિલકત સંબંધી તમામ સ્વત્વાધિકારદર્શી દસ્તાવેજો (જો હોય તો), પોતાના કબજામાં રાખવા હક્કદાર છે.

ક. **13** હેઠળ ટ્રસ્ટીની ટ્રસ્ટ મિલકતનું રક્ષણ કરવાની અને ટ્રસ્ટ મિલકત સંબંધી દાવાઓ કરવા તેમજ તેની સામે થયેલ દાવાઓમાં બચાવ કરવાની જવાબદારી ઠરાવાયેલ છે. તે જવાબદારી અનુસંધાને ટ્રસ્ટીને આ અધિકાર અપાયો છે, કારણ કે ટ્રસ્ટ મિલકતનાં રક્ષણ માટે મિલકત સંબંધી તમામ દસ્તાવેજો તેની પાસે હોવા જોઈએ.

**[3]** કરેલ ખર્ચ પરત મેળવવાનો અધિકાર (ક. **32) (Right to Reimbursement to Expenses)**

દરેક ટ્રસ્ટી -

ટ્રસ્ટના પાલનમાં કે પાલન માટે; અથવા

ટ્રસ્ટ મિલકત વસૂલાત; અથવા ટ્રસ્ટ મિલકત જાળવણી કે તેના લાભ માટે; અથવ

હિતોપભોગીનાં રક્ષણ કે સમર્થન માટે;

યોગ્ય રીતે કરેલ તમામ ખર્ચ, ટ્રસ્ટ મિલકતમાંથી પરત મેળવવા અથવા ચૂકવવા હક્કદાર છે.

જો તે પોતાનાં ગજવામાંથી આવું ખર્ચ ચૂકવે, તો આવો ખર્ચ અને તે પરના વ્યાજ માં તેને ટ્રસ્ટ મિલકત પ્રથમ બોજો (First Charge) રહેશે, પરંતુ આવા બોજાનો અમલ, આવા પા અને વ્યાજની પૂર્વચુકવણી સિવાય ટ્રસ્ટ મિલકતના નિકાલને અટકાવીને જ કરી શકાય, સિવર કે મૌલિક હકૂમત ધરાવતી મુખ્ય દીવાની અદાલતની મંજૂરીથી આવો ખર્ચ કરવામાં આવેલ હોટ

જો ટ્રસ્ટ મિલકત ઓછી પડે, તો ટ્રસ્ટી, જે હિતોપભોગીવતી તેણે આવો ખર્ચ કરેલ હોય અને જેની સ્પષ્ટ કે ગર્ભિત વિનંતીથી તેણે ચુકવણી કરેલ હોય, તે હિતોપભોગી પાસેથી આવો મરે અંગત રીતે, વસૂલ લેવા હક્કદાર છે.

ટ્રસ્ટભંગથી લાભ મેળવનાર પાસેથી ક્ષતિપૂર્તિનો અધિકાર (ક. 33) (Right to Indemnity from Gainer by Breach of Trust)

ટ્રસ્ટી સિવાયની જે કોઈ વ્યક્તિએ ટ્રસ્ટભંગથી લાભ મેળવ્યો હોય, તેણે ભંગથી જેટલા પ્રમાણમાં ખરેખર રકમ પ્રાપ્ત કરેલ હોય, તેટલા પ્રમાણમાં ટ્રસ્ટીને ક્ષતિપૂર્તિ કરવી જોઈએ, અને જ્યારે આવી વ્યક્તિ હિતોપભોગી હોય, ત્યારે ટ્રસ્ટીને હિતોપભોગીના હિત પર આવી રકમ માટે બોજો રહે છે.

આ કલમમાંનું કાંઈ ટ્રસ્ટભંગમાં કપટ માટે દોષિત હોય તેવા ટ્રસ્ટીને કરેલ ખર્ચ પરત મેળવવા હક્કદાર બનાવે છે તેમ માનવામાં આવશે નહિ.

આ કલમથી ટ્રસ્ટીને, ટ્રસ્ટભંગથી લાભ મેળવનાર વ્યક્તિ પાસેથી, ટ્રસ્ટભંગથી જેટલા પ્રમાણમાં તે વ્યક્તિએ ખરેખર રકમ પ્રાપ્ત કરેલ હોય તેટલા પ્રમાણમાં ટ્રસ્ટીને ક્ષતિપૂર્તિમાં અધિકાર ઉત્પન્ન કરવામાં આવ્યો છે, પરંતુ આ કલમ લાગુ પાડવા માટે એ જરૂરી છે કે ટ્રસ્ટભંગથી લાભ મેળવનાર વ્યક્તિ ટ્રસ્ટી સિવાયની વ્યક્તિ હોવી જોઈએ. જો ટ્રસ્ટભંગથી લાભ મેળવનાર વ્યક્તિ હિતોપભોગી હોય, તો ટ્રસ્ટીને હિતોપભોગીના હિત પર બોજો ઉત્પન્ન થાય છે.

હિસાબોની પતાવટનો અધિકાર (ક. 35) (Right to Settlement of Accounts)

જ્યારે ટ્રસ્ટીની ટ્રસ્ટી તરીકેની ફરજો પૂર્ણ થાય, ત્યારે તે ટ્રસ્ટ મિલકતના વહીવટના હિસાબો તપાસવા અને તેની પતાવટ કરવા; અને જ્યારે ટ્રસ્ટ હેઠળ હિતોપભોગીને કાંઈ ચૂકવવાનું બાકી રહેતું ન હોય, ત્યારે તે મુજબની લેખિત સ્વીકૃતિ મેળવવા હક્કદાર છે.

આ કલમ 71(B) ની પૂરક છે. ક. 71માં ટ્રસ્ટીની મુક્તિ (discharge) વિશેની જોગવાઈ આપવામાં આવેલ છે. આ કલમથી ટ્રસ્ટીને, જ્યારે ટ્રસ્ટી તરીકે તેની ફરજો પૂર્ણ થાય ત્યારે હિતોપભોગી પાસેથી મુક્તિ મેળવવાનો અને હિસાબોની પતાવટ કરવાનો અધિકાર આપવામાં આવે છે. ક. 19 હેઠળ ટ્રસ્ટીની ટ્રસ્ટ મિલકતના ચોખ્ખા અને ચોક્કસ હિસાબો રાખવાની ફરજ પણ ઠરાવવામાં આવેલ છે, જ્યારે ટ્રસ્ટ હેઠળ હિતોપભોગીનું કાંઈ લેણું નીકળતું ન હોય ત્યારે તે અંગેની લેખિત સ્વીકૃતિ (acknowledgement in writting) પ્રાપ્ત કરવાનો પણ ટ્રસ્ટીને આ કલમ હેઠળ અધિકાર છે

ટ્રસ્ટીનો સામાન્ય સત્તાધિકાર (ક. 36) (General Authority of Trustee)

ટ્રસ્ટી -

આ કાયદા અને ટ્રસ્ટ દસ્તાવેજથી સ્પષ્ટપણે અપાયેલ સત્તા ઉપરાંત; અને આવા દસ્તાવેજમાં સમાવિષ્ટ મર્યાદાઓ, જો હોય તો, તેમને અને ક. 17ની જોગવાઈઓને

ટ્રસ્ટ મિલકતની વસૂલાત, રક્ષણ કે નિભાવ માટે; અને કરાર કરવા સક્ષમ ન હોય તેવા હિતોપભોગીના રક્ષણ કે ભરણપોષણ માટે; વાજબી અને યોગ્ય તમામ કૃત્યો કરી શકે.કોઈ પણ ટ્રસ્ટી, મૌલિક હકૂમત ધરાવતી મુખ્ય દીવાની અદાલતની પરવાનગી સિવાય, ટ્રસ્ટ મિલકત, ભાડાપટ્ટાની તારીખથી, એકવીસ વર્ષથી વધારે મુદત માટે કે વાજબીપણે મળી શકે તેટલું ગુરુત્તમ ભાડું અનામત રાખ્યા સિવાય, ભાડાપટ્ટે આપશે નહીં.

આ કલમથી ટ્રસ્ટીને અધિકાર (Right) નહીં, પરંતુ સત્તા (Power) સોંપવામાં આવેલ છે. આ સર્વસામાન્ય સત્તાધિકાર (General Authority) આ કાયદાથી સ્પષ્ટપણે અપાયેલ સત્તાઓ ઉપરાંતની તેમજ ટ્રસ્ટ દસ્તાવેજમાં ઉલ્લેખિત સત્તાઓ ઉપરાંતની છે. તેથી આ સત્તાને સર્વસામાન્ય સત્તાધિકાર તરીકે ઓળખવામાં આવે છે. આમ છતાં આ સર્વસામાન્ય સત્તાધિકાર નીચેની મર્યાદાઓને આધીન છે

હસ્તાંતર કરવાની સત્તા (ક. 39) (Power to Convey)

આવા કોઈ વેચાણને પૂર્ણ કરવાના હેતુ માટે ટ્રસ્ટીને જરૂરી હોય તે રીતે હસ્તાંતર કરવાની કે વેચેલ મિલકતનો અન્યથા નિકાલ કરવાની સત્તા રહેશે.

આ કલમથી ટ્રસ્ટીને વેચાણ પૂર્ણ કરવાના હેતુથી, કાયદાની જરૂરી ઔપચારિકતાઓ (for-malities)નું પાલન કરવાની સત્તા અપાયેલ છે. દા. ત., મિલકત હસ્તાંતર ધારા (Transfer of Property Act) ની ક. 54 મુજબ રૂ. 100 કે તેથી વધુ કિંમતની સ્થાવર મિલકતનો દસ્તાવેજ લેખિત હોવો જોઈએ અને તેની નોંધણી (Registration) ફરજિયાત છે. આ કલમથી ટ્રસ્ટીને વેચાણ પૂર્ણ કરવાના હેતુથી આવી ઔપચારિકતાઓનું પાલન કરવાની સત્તા આપવામાં આવેલ ૭.

[11] રોકાણમાં ફેરફાર કરવાની સત્તા (ક. 40) (Power to Vary Investments)

ટ્રસ્ટી કોઈ જામીનગીરીમાં રોકાણ કરાયેલ ટ્રસ્ટ મિલકતને ક. 20માં નિર્દિષ્ટ કરાયેલ કે ઉલ્લેખિત કોઈ પણ જામીનગીરીમાં રોકાણ કરવા પોતાની વિવેકબુદ્ધિથી જણાવી શકે અને આવા રોકાણોનાં બદલે તે જ પ્રકારનાં અન્ય રોકાણોમાં ફેરફાર કરી શકે.

પરંતુ જોગવાઈ એવી કરવામાં આવે છે કે જ્યારે કરાર કરવા સક્ષમ અને પોતાના આજીવન કે અન્ય વિશાળ અસ્કયામત માટે ટ્રસ્ટ મિલકતની આવક તે સમયે મેળવવા હક્કદાર હોય તેવી કોઈ વ્યક્તિ હોય, ત્યારે તેની લેખિત સંમતિ સિવાય આવો કોઈ ફેરફાર કરી શકાશે નહીં.

ક. 12 હેઠળ ટ્રસ્ટીની એવી ફરજ નિયત કરાયેલ છે કે તેણે ટ્રસ્ટ મિલકતની સ્થિતિથી વાકેફ થવું જોઈએ અને જયારે ટ્રસ્ટ નાણાં અપૂરતી કે જોખમકારક જામીનગીરીઓમાં રોકાયેલ હોય ત્યારે તે વસૂલ લેવા ટ્રસ્ટી બંધાયેલ છે, જ્યારે ટ્રસ્ટીનાં ધ્યાન પર એ હકીકત આવે કે ટ્રસ્ટ નાણાં અમુક જોખમકારક જામીનગીરીઓમાં રોકાયેલ છે. ત્યારે આ કલમ મુજબ આવા નાણાં ક. 20 માં ઉલ્લેખિત જામીનગીરીઓમાં રોકાણ કરવાનું જણાવવાની વિવેકબુદ્ધિની સત્તા ટ્રસ્ટીને આપવામાં આવેલ છે. તે રોકાણમાં (ક. 20 ને આધીન) ફેરફાર કરવાની સત્તા ધરાવે છે. એટલું જ નહીં ટ્રસ્ટી વખતોવખત (from time to time) આવો ફેરફાર કરવાની સત્તા ધરાવે છે.

રસીદ આપવાની સત્તા (ક. 42) (Power to give Receipts)

કોઈ પણ ટ્રસ્ટી કે ટ્રસ્ટીઓ, કોઈ ટ્રસ્ટ કે સત્તાના કારણે, કે તેના અમલમાં, તેને કે તેમને ચુકવણીપાત્ર, હસ્તાંતરપાત્ર કે સોંપણીપાત્ર, કોઈ નાણાં કે જામીનગીરીઓ કે અન્ય જંગમ મિલકત માટે લેખિત રસીદ આપી શકે; અને કપટના અભાવે, આવી રસીદ, તે ચુકવણીકર્તા કે હસ્તાંતરકર્તાને તેમ કરવામાંથી અને તેના ઉપયોગ પ્રત્યે ધ્યાન આપવામાંથી કે તેના કોઈ નુકસાન કે ગેરઉપયોગ બદલ હિસાબ આપવાની જવાબદારીમાંથી મુક્ત કરશે.

આ કલમથી ટ્રસ્ટી કે ટ્રસ્ટીઓને નાણાંની ચુકવણી, જામીનગીરીઓ કે અન્ય જંગમ મિલકત માટે લેખિત રસીદ **(Receipt)** આપવાની સત્તા આપવામાં આવેલ છે. કપટ**(Iraud)**ની ગેરહાજરીમાં, આવી રસીદ ચુકવણી કરનાર કે મિલકતનો કબજો સોંપનારને તેની જવાબદારીમાંથી મુક્તિ **(dis-charge)** અપાવે છે. વી. કે. એન. મેનન વિ. એમ. જી. નાયર કેસ"માં ઠરાવાયેલ છે કે જ્યારે એક જ ટ્રસ્ટીઓ હોય ત્યારે તે એક ટ્રસ્ટી લેખિત રસીદ આપવા સત્તા ધરાવે છે, પરંતુ જ્યારે સંખ્યા ટ્રસ્ટીની એક કરતાં વધારે હોય, ત્યારે તેમાંના કેટલાક ટ્રસ્ટીઓ, જો તેમને તમામ ટ્રસ્ટીઓ નરફથી અધિકૃત કરાયેલ હોય, તો જ આવી રસીદ આપી શકે. જે ટ્રસ્ટીને રસીદ આપવાની સત્તા ન હોય, તે રસીદ આપી શકે નહીં અને આપે તો તે કાયદેસર નથી. આ કલમ સ્થાવર મિલકતની સોંપણીને લાગુ પડતી નથી.

**[14]** સમાધાન વગેરે કરવાની સત્તા (ક. **43) (Power to Compound etc.)**

સાથે કાર્ય કરતાં બે કે તેથી વધુ ટ્રસ્ટીઓ, જો અને તેમને જેમ યોગ્ય લાગે તેમ -

(એ) કોઈ કરજ અથવા હક્કદાવો કરાયેલ કોઈ મિલકત માટે કોઈ જામીનગીરી કે સમાધાન સ્વીકારી શકે;

(બી) કોઈ કરજ ચુકવણી માટે ગમે તેટલો સમય મંજૂર રાખી શકે;

ટ્રસ્ટી સ્વીકાર બાદ ત્યાગ કરી શકે નહીં (ક. **46)**

જેણે ટ્રસ્ટનો સ્વીકાર કરેલ હોય તે ટ્રસ્ટી –

(એ) અસલ હકૂમત ધરાવતી મુખ્ય અદાલતની પરવાનગી સિવાય; અથવા

(બી) જો હિતોપભોગી કરાર કરવા સક્ષમ હોય તો તેની સંમતિ સિવાય; અથવા

(સી) ટ્રસ્ટ દસ્તાવેજમાં અપાયેલ ખાસ સત્તાની રુએ હોય તે સિવાય;

પાછળથી ટ્રસ્ટનો ત્યાગ કરી શકે નહીં.

ટ્રસ્ટકર્તા અને ટ્રસ્ટી વચ્ચેના કરારથી ટ્રસ્ટ ઉત્પન્ન થાય છે. કરારના કાયદાની ભાષા કહીએ તો ટ્રસ્ટકર્તા ટ્રસ્ટીને દરખાસ્ત **(offer)** કરે છે કે જેનો ટ્રસ્ટી સ્વીકાર કરે યા ઇન્કાર કે પરંતુ ટ્રસ્ટની રચના માટે ટ્રસ્ટીનો સ્વીકાર અનિવાર્ય છે. ક. **10** માં જણાવાયેલ છે કે કોઈ વ્યકિ ટ્રસ્ટી તરીકે ટ્રસ્ટ સ્વીકારવા બંધાયેલ નથી. ટ્રસ્ટમાં કોઈ અવેજ હોતો નથી. છતાં ટ્રસ્ટીએ એ વખત સ્વીકાર કરેલ હોય, તો કરારની જેમ જ ટ્રસ્ટનો ટ્રસ્ટી સામે અમલ કરાવી શકાય છે.

ટ્રસ્ટી પ્રતિનિધિને સત્તા સોંપી શકે નહીં. (ક. **47)**

ટ્રસ્ટી, તેના હોદ્દાની કે તેની ફરજો પૈકી કોઈ ફરજની, કોઈ સહટ્રસ્ટીને.કે ત્રાહિત વ્યક્તિને સોંપણી કરી શકે નહીં, સિવાય કે -

(એ) ટ્રસ્ટ દસ્તાવેજમાં તે મુજબ જોગવાઈ કરવામાં આવેલ હોય; અથવા

(બી) ધંધાના નિયમિત ક્રમમાં આવી સોંપણી કરાયેલ હોય; અથવા

(સી) સોંપણી જરૂરી હોય; અથવા

(ડી) હિતોપભોગી કરાર કરવાને સક્ષમ હોય ત્યારે તેની સંમતિથી સોંપણી કરવામાં આવી હોય.

વિવેકબુદ્ધિ સત્તા પર નિયંત્રણ (ક. **49) (Control of Discretionary Power)**

જ્યારે ટ્રસ્ટીને અપાયેલ વિવેકબુદ્ધિ સત્તા વાજબી રીતે અને શુદ્ધબુદ્ધિથી વાપરવામાં ન આવેલ હોય, ત્યારે મૌલિક હકુમત ધરાવતી મુખ્ય દીવાની અદાલત આવી સત્તા પર નિયંત્રણ મૂકી શકે.

અહીં યાદ અપાવવાનું જરૂરી છે કે ક. 17માં ટ્રસ્ટીની નિષ્પક્ષ (impartial) રહેવાની ફરજ નિયત કરવામાં આવેલ છે. સાથે તે કલમમાં જણાવાયેલ છે કે જ્યારે ટ્રસ્ટીને વિવેકબુદ્ધિની સત્તા હોય અને વાજબી રીતે તેમજ શુદ્ધબુદ્ધિથી તેનો ઉપયોગ કરવામાં આવે, તો અદાલત તેના પર નિયંત્રણ મૂકી શકશે નહીં. ક. 17ની આ જોગવાઈ આ કલમમાં જરા જુદી રીતે પ્રસ્તુત કરવામાં આવી છે. દા. ત., કોઈ ટ્રસ્ટીને ચોક્કસ હિતોપભોગીનાં શિક્ષણ માટે કેટલી રકમ વાપરવી, તે બાબતે વિવેકબુદ્ધિ સત્તા (discretionary pow-er) અપાયેલ હોય, ત્યારે કયા હિતોપભોગી માટે કેટલી રકમ વાપરી તે બાબતે તેની નિષ્પક્ષતતા સંબંધમાં ટ્રસ્ટી સામે આરોપ મૂકી શકાય નહીં, પરંતુ તેમણે પોતાની આ સત્તાનો ઉપયોગ વાજબી રીતે અને શુદ્ધબુદ્ધિથી કરેલ ન હોવાનો આરોપ ટ્રસ્ટી પર મૂકી શકાય. ફાતીમા વિ. સૈયદ ઉલ મુલ્ક કેસ માં ઠરાવાયેલ છે કે ટ્રસ્ટ મિલકત વેચાણની સત્તાનો ઉપયોગ વાજબી રીતે અને શુદ્ધબુદ્ધિથી ન થાય, તો અદાલત તેના પર નિયંત્રણ મકી શકે.

ટ્રસ્ટી પોતાના લાભ માટે ટ્રસ્ટ મિલકતનો ઉપયોગ કરી શકે નહીં. (5. : (Trustee may not use trust-property for his own benefit)

ટ્રસ્ટી. પોતાના લાભ માટે અથવા ટ્રસ્ટ સાથે અસંબંધિત કોઈ હેતુ માટે, ટ્રસ્ટ મિલ્ક ઉપયોગ કે અન્ય વ્યવહાર કરી શકે નહીં.

ટ્રસ્ટીઓની અ કરવા પર ફરજ હેઠળન 'હિત. પોતાન પેજ પ્રતિબંધ

આ કલમથી ટ્રસ્ટીની બે પ્રકારની અસમર્થતા (disability) ઉત્પન્ન કરાયેલ છે. ટ્રસ્ટી -

(1) પોતાના લાભ માટે; અથવા

(2) ટ્રસ્ટના હેતુ સાથે અસંબંધિત (Unconnected) હોય તેવા કોઈ હેતુ માટે:

ટ્રસ્ટ મિલકતનો ઉપયોગ કરી શકે નહી કે ટ્રસ્ટ મિલકત સાથે વ્યવહાર કરી શકે . આ કલમથી ઠરાવેલ નિયમનો કોઈ અપવાદ નથી.

નિયંત્રણ સંપૂર્ણ અને આજ્ઞાર્થ છે.

આ કલમથી લાદવામાં આવેલ આ અસમર્થતા કે નિયંત્રણ (disability of reviño સંપૂર્ણ (absolute) અને આજ્ઞાર્થ (mandatory) છે. નાગપ્પા વિ. ઑફિશિયલ એસાઈની કેમ." આવો જ કેસ' ભારતમાં પણ બનેલ છે. એક ટ્રસ્ટનું પેy ખાતું હતું. ટ્રસ્ટીએ ટ્રસ્ટનાં બેંક ખાતામાંથી પૈસા ઉપાડીને પોતાના ઓવરડ્રાફ્ટની ચુકવણી ! આ કેસમાં ઠરાવાયું કે બેંકે ટ્રસ્ટીને આ રીતે ટ્રસ્ટ નાણાંનો ઉપયોગ કરવા દેવો જોઈતો ન હત બેંકને ટ્રસ્ટ ખાતામાં રકમ જમા કરાવવા અદાલતે હુકમ કર્યો હતો.

[8] વેચાણ માટેનો ટ્રસ્ટી અથવા તેનો એજન્ટ ખરીદ કરી શકે નહીં (ક. 52) (Trustee for sale or his agent may not buy)

જેની ફરજ ટ્રસ્ટ મિલકતનું વેચાણ કરવાની હોય તેવો કોઈ ટ્રસ્ટી અને આવા ટ્રસ્ટો વેચાણના હેતુ માટે રોકેલ કોઈ પણ એજન્ટ, તે મિલકત કે તેમાંનું કોઈ હિત, પોતાના માટે ત્રાહિત વ્યક્તિના એજન્ટ તરીકે, સીધી કે આડકતરી રીતે, ખરીદ કરી શકે નહીં.

કલમથી સ્થાપિત કરાયેલ નિયમ પાછળનો સિદ્ધાંત :

આગળની ક. 51માં આપણે જોયું કે ટ્રસ્ટીને પોતાના લાભ માટે કે ટ્રસ્ટના હેતુ માં અસંબંધિત કોઈ હેતુ માટે ટ્રસ્ટીને ટ્રસ્ટ મિલકતનો ઉપયોગ કરવા કે તે મિલકત સાથે વ્યાવધુ

(સી) કોઈ કરજ, હિસાબ, હક્કદાવો કે ટ્રસ્ટ સંબંધમાં કોઈ પણ વસ્તુ સંબંધમાં સમાધાન સ્વીકારી શકે, તેનો ત્યાગ કરી શકે, લવાદમાં સોંપી શકે કે અન્યથા નિકાલ કરી શકે;

(ડી) ઉપર્યુક્ત પૈકીના કોઈ પણ હેતુ માટે, કરારો, સમાધાન કે વ્યવસ્થાના દસ્તાવેજો, ત્યાગના દસ્તાવેજો અને તેમને જરૂરી જણાય તેવી અન્ય બાબતો, તેમણે શુદ્ધબુદ્ધિથી

હુકમનામાથી ટ્રસ્ટીઓની સત્તાની મોકૂફી (ક. 45) (Suspension of Trustee's Power by Decree)

જ્યારે ટ્રસ્ટના અમલ માટેના દાવામાં હુકમનામું થયેલ હોય, ત્યારે ટ્રસ્ટીએ આવા હુકમનામાં

અનુસાર હોય તે સિવાય, અથવા જે અદાલતે હુકમનામું કરેલ હોય તે અદાલતની પરવાનગીથી,

અથવા જ્યારે હુકમનામા સામે અપીલ ચાલુ હોય ત્યારે અપીલ અદાલતની પરવાનગી અનુસાર હોય તે સિવાય, પોતાની કોઈ પણ સત્તા વાપરશે નહીં. આ કલમ ત્યારે જ લાગુ પડે છે કે જ્યારે ટ્રસ્ટના અમલ માટેના દાવામાં (in a suit for the execution of a trust) અદાલતે હુકમનામું (decree) કરેલ હોય. આ કલમ ઠરાવે છે કે જ્યારે આ રીતે અદાલતે હુકમનામું કરેલ હોય, ત્યારે ટ્રસ્ટીઓની સત્તા મોકૂફ રહે છે અને ટ્રસ્ટી

પોતાની સત્તા –

(એ) અદાલતના હુકમનામા અનુસાર જ વાપરી શકે; અથવા

(બી) હુકમનામું આપનાર અદાલતની પરવાનગીથી સત્તા વાપરી શકે; અને

(સી) જો હુકમનામા સામે અપીલ ચાલુ હોય, તો અપીલ અદાલતની પરવાનગીથી પોતાની સત્તાનો ઉપયોગ કરી શકે.

અમૃતા બીબી વિ. કન્હાઈલાલ કેસ"માં અદાલતે ટ્રસ્ટના અમલ માટેના દાવામાં પ્રાથમિક હુકમનામું કરેલ હતું. આ કેસમાં ઠરાવાયું કે ટ્રસ્ટી કોઈ નવા ટ્રસ્ટીની નિમણૂક અદાલતની પરવાનગી સિવાય કરી શકે નહીં.

ટ્રસ્ટી સ્વીકાર બાદ ત્યાગ કરી શકે નહીં (ક. 46)

જણ કે સહટ્રસ્ટીઓ પોતાના પૈકી કોઈ એકને ધિરાણ આપી શકે નહીં. .જેણે ટ્રસ્ટનો સ્વીકાર કરેલ હોય તે ટ્રસ્ટી

(એ) અસલ હકૂમત ધરાવતી મુખ્ય અદાલતની પરવાનગી સિવાય; અથવા

(બી) જો હિતોપભોગી કરાર કરવા સક્ષમ હોય તો તેની સંમતિ સિવાય; અથવા

(સી) ટ્રસ્ટ દસ્તાવેજમાં અપાયેલ ખાસ સત્તાની રુએ હોય તે સિવાય;

પાછળથી ટ્રસ્ટનો ત્યાગ કરી શકે નહીં.

ટ્રસ્ટકર્તા અને ટ્રસ્ટી વચ્ચેના કરારથી ટ્રસ્ટ ઉત્પન્ન થાય છે. કરારના કાયદાની ભાષા કહીએ તો ટ્રસ્ટકર્તા ટ્રસ્ટીને દરખાસ્ત (offer) કરે છે કે જેનો ટ્રસ્ટી સ્વીકાર કરે યા ઇન્કાર કો પરંતુ ટ્રસ્ટની રચના માટે ટ્રસ્ટીનો સ્વીકાર અનિવાર્ય છે. ક. 10 માં જણાવાયેલ છે કે કોઈ વ્યર્ધા ટ્રસ્ટી તરીકે ટ્રસ્ટ સ્વીકારવા બંધાયેલ નથી. ટ્રસ્ટમાં કોઈ અવેજ હોતો નથી. છતાં ટ્રસ્ટીએ ચે વખત સ્વીકાર કરેલ હોય, તો કરારની જેમ જ ટ્રસ્ટનો ટ્રસ્ટી સામે અમલ કરાવી શકાય છે.

ટ્રસ્ટી પ્રતિનિધિને સત્તા સોંપી શકે નહીં. (ક. 47) (Trustee cannot Delegate)

ટ્રસ્ટી, તેના હોદ્દાની કે તેની ફરજો પૈકી કોઈ ફરજની, કોઈ સહટ્રસ્ટીને. કે ત્રાહિત વ્યક્તિને સોંપણી કરી શકે નહીં, સિવાય કે -

(એ) ટ્રસ્ટ દસ્તાવેજમાં તે મુજબ જોગવાઈ કરવામાં આવેલ હોય; અથવા

(બી) ધંધાના નિયમિત ક્રમમાં આવી સોંપણી કરાયેલ હોય; અથવા

(સી) સોંપણી જરૂરી હોય; અથવા

(ડી) હિતોપભોગી કરાર કરવાને સક્ષમ હોય ત્યારે તેની સંમતિથી સોંપણી કરવામાં આવી હોય.

વિવેકબુદ્ધિ સત્તા પર નિયંત્રણ (ક. 49) (Control of Discretionary Power)

જ્યારે ટ્રસ્ટીને અપાયેલ વિવેકબુદ્ધિ સત્તા વાજબી રીતે અને શુદ્ધબુદ્ધિથી વાપરવામાં ન આવેલ હોય, ત્યારે મૌલિક હકૂમત ધરાવતી મુખ્ય દીવાની અદાલત આવી સત્તા પર નિયંત્રણ મૂકી શકે.

અહીં યાદ અપાવવાનું જરૂરી છે કે ક. 17માં ટ્રસ્ટીની નિષ્પક્ષ (impartial) રહેવાની ફરજ નિયત કરવામાં આવેલ છે. સાથે તે કલમમાં જણાવાયેલ છે કે જ્યારે ટ્રસ્ટીને વિવેકબુદ્ધિની સત્તા હોય અને વાજબી રીતે તેમજ શુદ્ધબુદ્ધિથી તેનો ઉપયોગ કરવામાં આવે, તો અદાલત તેના પર નિયંત્રણ મૂકી શકશે નહીં. ક. 17ની આ જોગવાઈ આ કલમમાં જરા જુદી રીતે પ્રસ્તુત કરવામાં આવી છે. દા. ત., કોઈ ટ્રસ્ટીને ચોક્કસ હિતોપભોગીનાં શિક્ષણ માટે કેટલી રકમ વાપરવી, તે બાબતે વિવેકબુદ્ધિ સત્તા (discretionary pow-લો) અપાયેલ હોય, ત્યારે કયા હિતોપભોગી માટે કેટલી રકમ વાપરી તે બાબતે તેની નષ્પક્ષતતા સંબંધમાં ટ્રસ્ટી સામે આરોપ મૂકી શકાય નહીં, પરંતુ તેમણે પોતાની આ સત્તાનો ઉપયોગ વાજબી રીતે અને શુદ્ધબુદ્ધિથી કરેલ ન હોવાનો આરોપ ટ્રસ્ટી પર મૂકી શકાય.

ટ્રસ્ટી સેવાઓ માટે વેતન માગી શકે નહીં. (ક. 50)

ટ્રસ્ટ દસ્તાવેજમાં સમાવિષ્ટ વિરુદ્ધ સ્પષ્ટ સૂચનાઓની ગેરહાજરીમાં, અથવા ટ્રસ્ટનો સ્વીકાર કરતી વખતે હિતોપભોગી કે અદાલત સાથે કરેલ વિરુદ્ધ કરારની ગેરહાજરીમાં, કોઈ ટ્રસ્ટીને, ટ્રસ્ટનો અમલ કરવામાં, તેની મુશ્કેલી, કૌશલ્ય અને સમયની ખોટ બદલ વેતન માગવાનો અધિકાર નથી.

પરંતુ આ કલમ, ઑફિશિયલ ટ્રસ્ટી, એડમીનીસ્ટેટર જનરલ, પબ્લિક ક્યુરેટર કે વહીવટનું પ્રમાણપત્ર ધરાવનાર વ્યક્તિને લાગુ પડશે નહીં.

ટ્રસ્ટી પોતાના લાભ માટે ટ્રસ્ટ મિલકતનો ઉપયોગ કરી શકે નહીં. (ક. 51) (Trustee may not use trust-property for his own benefit)ટ્રસ્ટી, પોતાના લાભ માટે અથવા ટ્રસ્ટ સાથે અસંબંધિત કોઈ હેતુ માટે, ટ્રસ્ટ મિલકતનો ઉપયોગ કે અન્ય વ્યવહાર કરી શકે નહીં.આ કલમથી ટ્રસ્ટીની બે પ્રકારની અસમર્થતા (disability) ઉત્પન્ન કરાયેલ છે. એટલે કે ટ્રસ્ટી

(1) પોતાના લાભ માટે; અથવા

(2) ટ્રસ્ટના હેતુ સાથે અસંબંધિત (Unconnected) હોય તેવા કોઈ હેતુ માટે;

– ટ્રસ્ટ મિલકતનો ઉપયોગ કરી શકે નહીં કે ટ્રસ્ટ મિલકત સાથે વ્યવહાર કરી શકે નહીં. આ કલમથી ઠરાવેલ નિયમનો કોઈ અપ

સહટ્રસ્ટીઓ પોતાના પૈકી કોઈ એકને ધિરાણ આપી શકે નહીં (ક. 54) (Co-trustees may not lend to one of Themselves) કે ભાડાપો કે સહટ્રસ્ટીએ તે નાણાં તેના પોતાના કે તેના સહટ્રસ્ટીઓ પૈકીના કોઈ સહટ્રસ્ટી વડે અપાયેલ જે ટ્રસ્ટીની ફરજ ટ્રસ્ટ નાણાં ગીરો કે અંગત જામીનગીરીઓમાં રોકવાની હોય તેણે (ટ્રસ્ટી) ગીરો કે કે અંગત જામીનગીરીમાં રોકવા જોઈએ નહીં.

ક. 52 થી વેચાણ માટેના ટ્રસ્ટીને પોતાના માટે ટ્રસ્ટ મિલકત ખરીદવા પર પ્રતિબંધ મૂકાયેલ છે. ક. 53થી કોઈ પણ ટ્રસ્ટીએ હિતોપભોગીનું હિત કે મિલકતનો ગીરો કે ભાડાપટ્ટો મેળવવા પર પ્રતિબંધ મૂકાયેલ છે. આ કલમથી જે ટ્રસ્ટીની ટ્રસ્ટ નાણાંનું અંગત જામીનગીરીમાં રોકાણ કરવાની ફરજ હોય તેને તે નાણાં પોતાને કે સહટ્રસ્ટીને ધીરવા (lend) પર પ્રતિબંધ મૂકાયેલ છે.

સહટ્રસ્ટીઓ પોતાના પૈકી કોઈ એકને ધિરાણ આપી શકે નહીં (ક. 54) (Co-trustees may not lend to one of Themselves)જે ટ્રસ્ટીની ફરજ ટ્રસ્ટ નાણાં ગીરો કે અંગત જામીનગીરીઓમાં રોકવાની હોય તેણે (ટ્રસ્ટી) કે સહટ્રસ્ટીએ તે નાણાં તેના પોતાના કે તેના સહટ્રસ્ટીઓ પૈકીના કોઈ સહટ્રસ્ટી વડે અપાયેલ ગીરો કે અંગત જામીનગીરીમાં રોકવા જોઈએ નહીં.થી વેચાણ માટેના ટ્રસ્ટીને પોતાના માટે ટ્રસ્ટ મિલકત ખરીદવા પર પ્રતિબંધ મૂકાયેલ છે. ક. 53થી કોઈ પણ ટ્રસ્ટીએ હિતોપભોગીનું હિત કે મિલકતનો ગીરો કે ભાડાપટ્ટો મેળવવા પર પ્રતિબંધ મૂકાયેલ છે. આ કલમથી જે ટ્રસ્ટીની ટ્રસ્ટ નાણાંનું અંગત જામીનગીરીમાં રોકાણ કરવાની ફરજ હોય તેને તે નાણાં પોતાને કે સટ્રસ્ટીને ધીરવા (lend) પર પ્રતિબંધ મૂકાયેલ છે.

આ તમામ કલમોનો હેતુ ટ્રસ્ટીને ટ્રસ્ટ મિલકત સાથે અંગત હિત માટે વ્યવહાર કરતા અટકાવવાનો છે. કારણ કે ટ્રસ્ટીની ફરજ હિતોપભોગીનાં હિતોનું રક્ષણ કરવાની છે. આ કલમનો હેતુ હિતોપભોગી હિત અને ટ્રસ્ટીનાં અંગત હિત વચ્ચે થતા સંઘર્ષ(conflict)ને નિવારવાનો છે. ઉપરાંત આ કલમનો હેતુ ટ્રસ્ટીને તેના હોદ્દાનો દુરૂપયોગ કરતાં અટકાવવાનો છે.

એ ધ્યાનમાં રાખવાનું છે કે આ કલમ ટ્રસ્ટ મિલકતને નહીં, પરંતુ ટ્રસ્ટ નાણાં (trust-money) ને લાગુ પડે છે. ક. 20 જણાવે છે કે જ્યારે ટ્રસ્ટ મિલકત નાણાંની બનેલી હોય અને તત્કાળ તેનો ઉપયોગ કરી શકાય તેમ ન હોય ત્યારે જામીનગીરીઓ (securities)માં તેનું રોકાણ કરવું જોઈએ.

હિતોપભોગીના અધિકારો અને જવાબદારીઓ (કલમ 55 થી 69):-

ભાડા અને નફાનો અધિકાર (ક. 55) (Rights to Rents and Profits)

હિતોપભોગીને, ટ્રસ્ટ દસ્તાવેજની જોગવાઈઓને આધીન રહીને, ટ્રસ્ટ મિલકતનાં ભાડા  નફાનો અધિકાર છે.જ્યારે ટ્રસ્ટની રચના થાય, ત્યારે ટ્રસ્ટ મિલકતની કાનૂની માલિકી ટ્રસ્ટીમાં સ્થાપિત થ છે. હિતોપભોગીને ટ્રસ્ટ મિલકતમાં હિતોપભોગી હિત રહેલું હોય છે. ટ્રસ્ટ મિલકતની કાનૂ મિલકત હિતોપભોગીની હોતી નથી. તેણે આ કાયદાથી કેટલાક અધિકારો આપવામાં આવ્યા ?" છાત્રકુમારી વિ. એમ. બી. શાહ કેસ"માં હિતોપભોગીનાં કુદરતી પિતા અને દત્તક પિતા વર થયેલ કરારથી, ટ્રસ્ટની રચના કરવામાં આવી હતી. હિતોપભોગીએ કરારભંગ થવાનો આરો મૂકીને ટ્રસ્ટ મિલકતનાં માલિક તરીકેનો કબજો મેળવવા દત્તક પિતાના વારસદારો સામે દાવું કર્યો. આ કેસમાં ઠરાવાયું કે હિતોપભોગી ટ્રસ્ટ મિલકતનો માલિક થતો ન હોવાથી તેનાથી આવે દાવો થઈ શકે નહીં.

નિર્દિષ્ટ અમલનો અધિકાર (ક. 56) (Right to Specific Execution)

હિતોપભોગી, ટ્રસ્ટકર્તાના ઇરાદાનો, હિતોપભોગીના હિતનાં પ્રમાણ સુધી, નિર્દિષ્ટ અમલ માટે હક્કદાર છે.

કબજાના હસ્તાંતરનો અધિકાર:ટ્રસ્ટભગમાં સ. હિતોપભોગીઓ અનેક હોય અને તેઓ કરાર કરવા સક્ષમ હોય અને તેઓ તમામ એક જ મતના ૭ હિતોપભોગી હોય, ત્યારે તે અથવા તેઓ, ટ્રસ્ટ મિલકત તેને અથવા તેમને, અથવા તે કે તેઓ સૂચવે તે અને જ્યારે હિતોપભોગી એક જ હોય અને તે કરાર કરવા સક્ષમ હોય અથવા જ્યારે પરુ થાય છે. વ્યક્તિને હસ્તાંતર કરવા ટ્રસ્ટીને ફરજ પાડી શકે.જ્યારે મિલકત પરિણીત સ્ત્રીના લાભાર્થે એવી રીતે હસ્તાંતર કરવામાં કે વસિયતથી આપવામાં આવેલ હોય કે તેને તેનાં હિતોપભોગી હિતથી પોતાની જાતને વંચિત કરવાની સત્તા ન હોય ત્યારે, આ કલમનાં બીજો ખંડ તેણીનાં લગ્ન દરમિયાન આવી મિલકતને લાગુ પડતો નથી.

ઉદાહરણો :

(એ) કેટલીક સરકારી જામીનગીરીઓ, ટ્રસ્ટીઓને, જ્યાં સુધી અ 24 વર્ષનો ન થાય ત્યાં સુધી તેનું વ્યાજ એકત્ર કરવાના અને ત્યારબાદ તમામ રકમનું તેના લાભમાં હસ્તાંતર કરવાના ટ્રસ્ટમાં આપવામાં આવેલ છે. અ પુખ્તવય પ્રાપ્ત કર્યા બાદ, ટ્રસ્ટ મિલકતમાં હિત ધરાવતી એક જ વ્યક્તિ તરીકે, તેનું તરત જ પોતાને હસ્તાંતર કરવાની ટ્રસ્ટીને ફરજ પાડી શકે.

હિતોપભોગી હિતનાં હસ્તાંતરનો અધિકાર (ક. 58) **(Right to Transfer Beneficial Interest)**

હિતોપભોગી, જો કરાર કરવા સક્ષમ હોય, તો જે સંજોગોમાં અને જેટલાં પ્રમાણમાં પોતાનાં હિતનો નિકાલ કરી શકે તે સંજોગો અને પ્રમાણ સંબંધી તાત્કાલીન સમય માટે અમલમાં રહેલ કાયદાને આધીન, પોતાનાં હિતનું હસ્તાંતર કરી શકે: હસ્તાંતર કરવામાં આવેલ હોય કે વસિયતથી આપવામાં આવેલ હોય કે તેને તેનાં હિતોપભોગી પરંતુ જોગવાઈ એવી કરવામાં આવે છે કે જ્યારે મિલકત પરિણીત સ્ત્રીના લાભાર્થે એ રીતે વ્યક્તિઓ હિતથી પોતાની જાતને વંચિત કરવાની સત્તા ન હોય, ત્યારે આ કલમથી તેણીને પોતાનાં લગ્ન દરમ્યાન, આવાં હિતનું હસ્તાંતર કરવાનો અધિકાર રહેશે નહીં.

યોગ્ય ટ્રસ્ટીઓનો અધિકાર (ક. 60) **(Right to Proper Trustees)**

(ટ્રસ્ટ દસ્તાવેજની જોગવાઈઓને આધીન) હિતોપભોગીનો એ અધિકાર છે કે ટ્રસ્ટ મિલકતનું-

(એ) યોગ્ય વ્યક્તિઓ દ્વારા; અને

(બી) આવી વ્યક્તિઓની યોગ્ય સંખ્યાથી;

(સી) યોગ્ય રીતે રક્ષણ કરવામાં આવે; અથવા

(ડી) ધારણ કરવામાં આવે; અથવા

(ઈ) તેનો વહીવટ કરવામાં આવે.

ખુલાસો **(Explanation):**

1. નીચેની વ્યક્તિઓ આ કલમના અર્થમાં યોગ્ય વ્યક્તિઓ નથી:

(એ) વિદેશનો અધિવાસ ધરાવતી વ્યક્તિ;

(બી) વિદેશી દુશ્મન;

(સી) હિતોપભોગીનાં હિત સાથે અસંગત હિત ધરાવતી વ્યક્તિ;

(ડી) નાદાર **(insolvent)** સંજોગોમાં (રહેલ) વ્યક્તિ; અને

ટ્રસ્ટી દ્વારા ગેરકાયદેસર ખરીદી (ક. 62)

